અપીલ અરજી નં.૨૮૩ તા.૧–૧–૦૯

અરજદારઃ શ્રી હેમંત જયંતીલાલ નગરશેઠ
સામાવાળાઃ ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હેમંત જયંતીલાલ નગરશેઠની તા.૨૪–૧૧–૦૮ની અરજીથી ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૫૫૭૯ તા.૨૦–૧૧–૦૮ ના અનુસંધાને મોજે ડીંડોલીના બ્લોક નં.૨૭૦ વાળી સુએઝ ટ્રીટમેન્ટ માટે રીઝર્વેશન હેઠળની જમીન બાબતમાં જણાવેલ પત્ર નં.ટીપીડી/આ.નં.૫૯૩૩ તા.૫–૧૦–૦૬ તેમજ ટીપીડી/આ.નં.૩૫૬૫ તા.૧૬–૮–૦૭ ની નકલ તથા તે સ્વીકાર્યા છે તેના સ્વીકાર્યાના સહીવાળી નકલ તથા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૭૫૯–૨૦૦૭ તા.૨૮–૧૨–૦૭ ની નકલ અને આ ઠરાવ અને જે બેનીફીશીયરીને બજાવવામાં આવી છે તેઓના નામ અને સહી સાથેની સ્વીકાર્યની કોપીઓ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧–૧–'૦૯ ની અપીલ અરજી નં.૨૮૩/૨૦૦૮–૦૯

શ્રી હેમંત જયંતીલાલ નગરશેઠની તા.૨૪–૧૧–૦૮ની અરજીથી ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૫૫૭૯ તા.૨૦–૧૧–૦૮ ના અનુસંધાને મોજે ડીંડોલીના બ્લોક નં.૨૭૦ વાળી સુએઝ ટ્રીટમેન્ટ માટે રીઝર્વેશન હેઠળની જમીન બાબતમાં જણાવેલ પત્ર નં.ટીપીડી/આ.નં.૫૯૩૩ તા.૫–૧૦–૦૬ તેમજ ટીપીડી/આ.નં.૩૫૬૫ તા.૧૬–૮–૦૭ ની નકલ તથા તે સ્વીકાર્યા છે તેના સ્વીકાર્યાના સહીવાળી નકલ તથા સ્થાયી સમિતિના ઠરાવ નં.૧૭૫૯–૨૦૦૭ તા.૨૮–૧૨–૦૭ ની નકલ અને આ ઠરાવ અને જે બેનીફીશીયરીને બજાવવામાં આવી છે તેઓના નામ અને સહી સાથેની સ્વીકાર્યની કોપીઓ આપવા બાબતે પ્રતિભાવ ન મળવાના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧–૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, ફી ભર્યાના આધાર કે તબદીલની નકલ સહિત, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ તથા આપવા જોગ પૂરક માહિતીની વિગતો તેમજ વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૪૭ તા.૭–૧–૦૯ થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી વિશેષ કોઈ માહિતી મળેલ નથી.પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએતી મ.જાહેર માહિતી અધિકારી અને નગર નિયોજક ધ્વારા અરજદારને લખેલ પત્ર નં.ટીડીઓ/૬૨૫૧ તા.૨૪–૧૨–૦૮ ની નકલ અત્રે મળેલ છે. જે મુજબ ૩૧ માં દિને અરજદારને પાંચ નકલની માહિતી માટે રૂા.૧૦/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવેલ છે. તથા ઠરાવ કોઈને બજાવવામાં આવેલ નહીં હોવાનું જણાવેલ છે. પરંતુ અરજદારને સદરપત્ર સમય મર્યાદા બાદ પૂરો પડાયેલ જણાય છે. અરજદારે સદર માહિતી ફી ભરીને મેળવેલ છે કે કેમ? તે અંગે અત્રેથી તા.૭–૧–૦૯ ના રોજ પત્ર ધ્વારા પુછાવવા છતાં કોઈ વિગતો/પુરાવા રજુ કરેલ નથી.

## હુકમ

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧૧–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી નગર નિયોજક અને મ. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નિયત ફી ભરી માહિતી મેળવી લેવા જણાવતો પત્ર આરટીઆઈ કાયદાની કલમ–૭(૧) સાથે ૭(૩) થી ઠરાવેલ સમય અવધિ બાદનો હોઈ માંગેલ માહિતી અરજદારને કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પુરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી ટાઉનપ્લાનીંગને જણાવવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

**પ્રતિ**

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી હેમંત જયંતીલાલ નગરશેઠ